**15.09.2026** પ્રાતઃમુરલી ઓમ શાંતિ બાપદાદા મધુબન

“ મીઠાં બાળકો - તમે પોતાની તકદીર ભવિષ્ય નવી દુનિયાનાં માટે બનાવી રહ્યાં છો , આ તમારો રાજયોગ છે જ નવી દુનિયાનાં માટે”

પ્રશ્ન :- તકદીરવાન બાળકોની મુખ્ય નિશાનીઓ શું હશે?

ઉત્તર :- ૧. તકદીરવાન બાળકો કાયદેસર શ્રીમત પર ચાલશે. કોઈ પણ કાયદા નાં વિરુદ્ધ કાર્ય કરીને પોતાને કે બાપ ને ઠગશે નહીં. ૨. તેમને ભણવાનો પૂરે-પૂરો શોખ હશે. સમજાવવાનો પણ શોખ હશે. ૩. પાસ વિથ્ ઓનર (સન્માન સાથે પાસ) બની સ્કોલરશિપ લેવાનો પુરુષાર્થ કરશે. ૪. ક્યારેય કોઈને દુઃખ નહીં આપશે. ક્યારેય કોઈ ઉલ્ટું કર્મ નહીં કરશે.

ગીત :- તકદીર જગાકર આઈ હૂઁ...

ઓમ્ શાંતિ ! મીઠાં-મીઠાં રુહાની બાળકોએ ગીત સાંભળ્યું. નવાંએ પણ સાંભળ્યું તો જૂનાએ પણ સાંભળ્યું, કુમારીઓએ પણ સાંભળ્યું. આ પાઠશાળા છે. પાઠશાળા માં કોઈ ન કોઈ તકદીર બનાવવા જાય છે. ત્યાં તો અનેક પ્રકારની તકદીર છે, કોઈ સર્જન બનવાની, કોઈ બેરિસ્ટર બનવાની તકદીર બનાવે છે. તકદીર ને મુખ્ય ઉદ્દેશ કહેવાય છે. તકદીર બનાવ્યાં વગર પાઠશાળા માં શું ભણશે? હવે અહીં બાળકો જાણે છે કે આપણે પણ તકદીર બનાવીને આવ્યાં છીએ - નવી દુનિયાનાં માટે પોતાનું રાજ્ય ભાગ્ય લેવાં. આ છે નવી દુનિયાનાં માટે રાજયોગ. તેઓ જૂની દુનિયાનાં માટે બેરિસ્ટર, એન્જિનિયર, સર્જન વગેરે બને છે. તે બનતાં-બનતાં, હમણાં જૂની દુનિયાનો સમય બહુજ થોડો રહ્યો છે, તે તો ખતમ થઈ જશે. તે તકદીર છે આ મૃત્યુલોક નાં માટે, આ જન્મ માટે. તમારું ભણતર છે નવી દુનિયાનાં માટે. તમે નવી દુનિયાનાં માટે તકદીર બનાવીને આવ્યાં છો. નવી દુનિયામાં તમને રાજ્ય-ભાગ્ય મળશે. કોણ ભણાવે છે? બેહદ નાં બાપ, જેમનાથી જ વારસો મેળવવાનો છે. જેમ ડોક્ટર લોકો ને ડોક્ટરી નો વારસો મળે છે પોતાનાં ભણતર નો. સારું, જ્યારે વૃદ્ધ થાય છે ત્યારે ગુરુ ની પાસે જાય છે. શું ઈચ્છે છે? કહે છે અમને શાંતિધામ જવાની શિક્ષા આપો, અમને સદ્દગતિ આપો. અહીં થી નીકાળી શાંતિધામ માં લઈ જાઓ. બાપ પાસેથી પણ વારસો મળે છે - આ જન્મ નાં માટે. બાકી ગુરુ થી તો કાંઈ નથી મળતું. શિક્ષક થી કાંઈ ન કાંઈ વારસો મેળવે છે કારણકે આજીવિકા તો જોઈએ ને. બાપનો વારસો હોવા છતાં પણ ભણે છે કે અમે પણ પોતાની કમાણી કરીએ. ગુરુ થી કમાણી કાંઈ થઈ નથી. હાં, કોઈ-કોઈ ગીતા વગેરે સારી રીતે વાંચીને પછી ગીતા પર ભાષણ વગેરે કરે છે. આ બધું છે અલ્પકાળ સુખ નાં માટે. હમણાં તો આ મૃત્યુલોક નો અંત છે. તમે જાણો છો આપણે નવી દુનિયાની તકદીર બનાવવા આવ્યાં છીએ. આ જૂની દુનિયા ખતમ થઈ જવાની છે. બાપ ની અને પોતાની મિલકત પણ બધું ભસ્મ થઈ જશે. હાથ છતાં પણ ખાલી જશે. હમણાં તો કમાણી જોઈએ નવી દુનિયાનાં માટે. જૂની દુનિયાનાં મનુષ્ય તો તે કરી ન શકે. નવી દુનિયાની કમાણી કરાવવા વાળા છે જ શિવબાબા. અહીં તમે નવી દુનિયાનાં માટે તકદીર બનાવવા આવ્યાં છો. એ બાપ જ તમારા બાપ પણ છે, શિક્ષક પણ છે, ગુરુ પણ છે. અને એ આવે જ છે સંગમ પર, ભવિષ્ય માટે કમાણી શીખવાડવાં. હવે આ જૂની દુનિયામાં તો થોડાં દિવસ છે. આ દુનિયાનાં મનુષ્ય નથી જાણતાં. આપ બાળકો જાણો છો નવી દુનિયા માટે આ આપણાં બાપ, શિક્ષક, સદ્દગુરુ છે. બાપ આવે જ છે શાંતિધામ, સુખધામ માં લઈ જવાં. કોઈ તકદીર નથી બનાવતાં,

એટલે કાંઈ પણ સમજતાં નથી. એક જ ઘર માં સ્ત્રી ભણે છે, પુરુષ નથી ભણતાં, બાળકો ભણશે મા-બાપ નહીં ભણશે. એવું થતું રહે છે. શરું માં પરિવાર નાં પરિવાર આવ્યાં. પરંતુ માયા નાં તોફાન લાગવાથી આશ્ચર્યવત્ સુનન્તી, કથન્તી બાપ ને છોડીને ચાલ્યાં ગયાં. ગવાયેલું પણ છે આશ્ચર્યવત્ સુનન્તી કથન્તી બાપ નાં બનન્તી, ભણતર ભણાવન્તી તો પણ... હાય કુદરત, ડ્રામા ની. ડ્રામા ની જ વાત થઈ ને! બાપ સ્વયં કહે છે અહો ડ્રામા, અહો માયા. કોને ફારકતી (દગો) આપી દીધી! સ્ત્રી-પુરુષ એક-બે ને ડાયવોર્સ (છૂટાછેડા) આપે છે. બાળકો બાપ ને ફારકતી આપે છે. અહીં તો તે નથી. અહીં તો ડાયવોર્સ આપી ન શકે. બાપ તો આવ્યાં છે બાળકોને સાચ્ચી કમાણી કરાવવાં. બાબા થોડી કોઈને ખાડા માં નાખશે. બાપ તો છે જ પતિત-પાવન, રહેમદિલ. બાપ આવીને દુઃખ થી મુક્ત કરે છે અને ગાઈડ (માર્ગદર્શક) બની સાથે લઈ જવા વાળા છે. એવું કોઈ લૌકિક ગુરુ નહીં કહેશે કે હું તમને સાથે લઈ જઈશ. શાસ્ત્રો માં છે ભગવાનુવાચ કે હું તમને બધાને લઈ જઈશ. મચ્છરો સદૃશ્ય બધાં જવાનાં છે. આપ બાળકો સારી રીતે જાણો છો હમણાં આપણે જવાનું છે ઘરે. આ શરીર છોડવાનું છે. આપ મુયે મરી ગઈ દુનિયા. પોતાને ફક્ત આત્મા સમજી બાપ ને યાદ કરવાનાં છે. આ તો જૂનું શરીર છી-છી છે. આ દુનિયા પણ જૂની છે. જેમ જૂનાં ઘર માં બેઠાં હોય છે, નવું ઘર સામે બનતું રહે છે તો બાપ પણ સમજશે અમારા માટે, બાળકો પણ સમજશે અમારા માટે બની રહ્યું છે. બુદ્ધિ ચાલી જશે નવાં ઘર તરફ. આમાં આ બનાવો, આ કરો. બુદ્ધિ એમાં જ લાગી રહેશે પછી જૂનું તોડી દે છે. મમત્વ બધું જૂનાં થી મિટાવી નવાં થી જોડાઈ જાય છે. આ છે બેહદ દુનિયાની વાત. જૂની દુનિયા થી મમત્વ મિટાવવાનું છે અને નવી દુનિયાથી લગાવવાનું છે. જાણે છે આ જૂની દુનિયા ખતમ થવાની છે. નવી દુનિયા છે સ્વર્ગ. એમાં આપણે રાજાઈ પદ મેળવીએ છીએ. જેટલાં યોગ માં રહેશે, જ્ઞાન ની ધારણા કરશે બીજાઓને સમજાવશે, એટલો ખુશી નો પારો ચઢશે. બહુ ભારે પરીક્ષા છે. આપણે ૨૧ જન્મ માટે વારસો મેળવી રહ્યાં છીએ. સાહૂકાર બનવું તો સારું છે ને. વધારે આયુષ્ય મળે તો સારું છે ને. સૃષ્ટિ ચક્ર ને જેટલું યાદ કરશો, જેટલાં ને આપ સમાન બનાવશો એટલો ફાયદો છે. રાજા બનવું છે તો પ્રજા પણ બનાવવાની છે. પ્રદર્શન માં એટલાં અનેક આવે છે, તે બધાં પ્રજા બનતાં જશે કારણ કે આ અવિનાશી જ્ઞાન નો વિનાશ નથી થતો. બુદ્ધિ માં આવશે - પવિત્ર બની પવિત્ર દુનિયાનાં માલિક બનવાનું છે. રામરાજ્ય ની સ્થાપના થઈ રહી છે, રાવણ રાજ્ય નો વિનાશ થઈ જશે. સતયુગ માં તો હશે જ દેવતાઓ.

બાબાએ સમજાવ્યું હતું - લક્ષ્મી-નારાયણ નું ચિત્ર જે બનાવે છે, એમાં લખવું જોઈએ કે પાસ્ટ (પહેલાનાં) જન્મ માં આ તમોપ્રધાન દુનિયામાં હતાં પછી આ પુરુષાર્થ થી તમોપ્રધાન દુનિયાથી સતોપ્રધાન વિશ્વ નાં માલિક બનશે. માલિક, રાજા-પ્રજા બધા હોય છે ને. પ્રજા પણ કહેશે ભારત અમારો સૌથી ઊંચો છે. બરોબર ભારત જ સૌથી ઊંચો હતો. હમણાં નથી, હતો જરુર. હમણાં તો બિલકુલ ગરીબ થઈ ગયો છે. પ્રાચીન ભારત સૌથી સાહૂકાર હતો. આપણે ભારતવાસી સૌથી ઊંચ દેવતા કુળનાં હતાં. બીજા કોઈને દેવી-દેવતા નથી કહેવાતું. હવે આપ બાળકીઓ પણ ભણો છો પછી બીજાઓને સમજાવવાનું છે ને. બાબાએ ડાયરેક્શન (માર્ગદર્શન) આપ્યું ને. કેવી રીતે પ્રદર્શન વગેરે માં તાર આપવામાં આવે, તે લખીને આવો. તમારી પાસે ચિત્ર પણ છે, તમે સિધ્ધ કરીને બતાવી શકો છો કે એમણે આ પદ કેવી રીતે મેળવ્યું. હવે ફરીથી આ પદ મેળવી રહ્યાં છે શિવબાબા થી. એમનું ચિત્ર પણ છે. શિવ છે પરમપિતા પરમાત્મા. બ્રહ્મા, વિષ્ણુ, શંકર નાં પણ ચિત્ર છે. પરમપિતા પરમાત્મા બ્રહ્મા દ્વારા સ્થાપના કરી રહ્યાં છે. વિષ્ણુપુરી સામે છે. વિષ્ણુ દ્વારા નવી દુનિયાની પાલના. વિષ્ણુ છે રાધા-કૃષ્ણ નાં બે રુપ. હવે ગીતા નાં ભગવાન કોણ થયાં? પહેલાં તો આ લખો કે ગીતા નાં ભગવાન નિરાકાર શિવ છે ન કે કૃષ્ણ. બ્રહ્મા થી વિષ્ણુ, વિષ્ણુ થી બ્રહ્મા કેવી રીતે બને છે. એક જ ચિત્ર પર સમજાવવામાં કેટલો સમય લાગે છે. જ્યારે બુદ્ધિ માં

વાત બેસે. પહેલાં-પહેલાં તો આ સમજાવીને અને પછી લખવું જોઈએ. બાપ કહે છે - બ્રહ્મા દ્વારા તમને યોગબળ થી ૨૧ જન્મ નો અધિકાર મળે છે. શિવબાબા બ્રહ્મા દ્વારા વારસો આપી રહ્યાં છે. પહેલાં-પહેલાં એમનો આત્મા સાંભળે છે. આત્મા જ ધારણ કરે છે. મૂળ વાત છે જ આ. ચિત્ર તો શિવ નું દેખાડે છે. આ છે પરમપિતા પરમાત્મા શિવ પછી પ્રજાપિતા બ્રહ્મા તો જરુર જોઈએ. અહીં પ્રજાપિતા બ્રહ્મા નાં બ્રહ્માકુમાર-કુમારીઓ અનેકાનેક છે. જ્યાં સુધી બ્રહ્માનાં બાળકો ન બને, બ્રાહ્મણ ન બને તો શિવબાબા થી વારસો કેવી રીતે લેશે? ગર્ભ ની ઉત્પતિ તો હોઈ ન શકે? આ પણ ગવાય છે મુખ વંશાવલી. તમે કહેશો અમે પ્રજાપિતા બ્રહ્માનાં મુખ વંશાવલી છીએ. તેઓ ગુરુઓનાં શિષ્ય અથવા અનુયાયીઓ હોય છે. અહીં તમે એક ને જ બાપ, શિક્ષક, સદ્દગુરુ કહો છો. તે પણ એમને કહો છો જે નિરાકાર શિવબાબા જ્ઞાન નાં સાગર, નોલેજફુલ છે. સૃષ્ટિ નાં આદિ-મધ્ય-અંત નું જ્ઞાન આપે છે. એ શિક્ષક પણ છે. નિરાકાર આવીને સાકાર દ્વારા સંભળાવે છે. આત્મા જ બોલે છે ને. આત્મા કહે છે મારા શરીર ને હેરાન નહીં કરો. આત્મા દુઃખી થાય છે. આ સમયે છે પતિત આત્મા. પતિતો ને પાવન બનાવવા વાળા પરમપિતા પરમાત્મા છે. આત્મા બોલાવે છે હે પતિત-પાવન, હે ગોડ ફાધર. હવે ફાધર (પિતા) તો એક બેઠાં છે છતાં પણ યાદ કોને કરે છે? આત્મા કહે છે આ મુજ આત્માનાં ફાધર છે. તે છે શરીર નાં ફાધર. સમજાવાય છે હમણાં આત્માઓનાં બાપ જે નિરાકાર છે, તે મોટાં કે શરીર નાં રચયિતા સાકાર બાપ છે, તે મોટાં? સાકાર તો નિરાકાર ને યાદ કરે છે. હવે બધાને સમજણ અપાય છે, જ્યારે કે વિનાશ સામે છે. પારલૌકિક બાપ આવે જ છે અંત માં, સૌને પાછા લઈ જવાં. બાકી જે કાંઈ પણ છે તે વિનાશ થવાનું છે, આને કહેવાય જ છે મૃત્યુલોક. જ્યારે કોઈ મરે છે તો કહે છે ફલાણા પરલોક પધાર્યા, શાંતિધામ ગયાં. મનુષ્યો ને ખબર નથી કે પરલોક સતયુગ ને કહેવાય છે કે શાંતિધામ ને? સતયુગ તો અહીં જ હોય છે. પરલોક, શાંતિધામ ને કહેવાશે. સમજાવવાની ખૂબ યુક્તિ જોઈએ. મંદિરો માં જઈને સમજાવવું જોઈએ. આ શિવબાબા નું યાદગાર છે, જે શિવબાબા આપણને ભણાવી રહ્યાં છે. શિવ છે હકીકત માં બિંદુ. પરતું બિંદુ ની પૂજા કેવી રીતે કરે! ફળ-ફૂલ વગેરે કેવી રીતે ચઢાવાય? એટલે મોટું રુપ બનાવ્યું છે. આટલું મોટું રુપ કોઈ હોતું નથી. ગવાય પણ છે ભ્રકુટી ની વચ્ચે ચમકે છે અજબ તારો... મોટી વસ્તુ હોય તો સાયન્સ (વિજ્ઞાન) વાળા ઝટ એને પકડી લે. બાબા સમજાવે છે એમને પરમપિતા પરમાત્મા નો પૂરો પરિચય મળ્યો નથી. જ્યારે તકદીર ખુલે, હમણાં તકદીર જ નથી ખુલી. જ્યાં સુધી બાપ ને ન જાણે, આ ન સમજે કે હું આત્મા બિંદુ સમાન છું. શિવબાબા પણ બિંદુ છે, આપણે બિંદુ ને યાદ કરીએ છીએ. એવું સમજી યાદ કરે ત્યારે વિકર્મ વિનાશ થાય. બાકી આ જોવામાં આવે, તે આવે... એને માયાનું વિઘ્ન કહેવાય છે. હમણાં તો ખુશી છે કે અમને પરમાત્મા મળ્યાં છે, પરંતુ જ્ઞાન પણ જોઈએ ને. કોઈ ને કૃષ્ણ નો સાક્ષાત્કાર થાય છે તો ખુશ થઈ જાય છે. બાબા કહે છે - કૃષ્ણ નો સાક્ષાત્કાર કરી બહુજ ખુશી માં ડાન્સ વગેરે કરે છે પરંતુ એનાંથી કોઈ સદ્દગતિ નથી થતી. આ સાક્ષાત્કાર તો અનાયાસે જ થઈ જાય છે. જો સારી રીતે નહીં ભણશે તો પ્રજા માં ચાલ્યાં જશે. થોડું પણ સાંભળે છે તો કૃષ્ણપુરી માં સાધારણ પ્રજા વગેરે જઈને બનશે. હમણાં આપ બાળકો જાણો છો શિવબાબા આપણને આ નોલેજ સંભળાવી રહ્યાં છે. એ છે જ નોલેજફુલ.

બાબા નું ફરમાન (આજ્ઞા) છે કે પવિત્ર જરુર બનવાનું છે. પરંતુ કોઈ પવિત્ર પણ રહી નથી શકતાં. ક્યારેક-ક્યારેક પતિત પણ અહીં છુપાઈને આવી જાય છે. તે પોતાનું જ નુકસાન કરે છે. પોતાને જ ઠગે છે. બાપ ને ઠગવાની વાત જ નથી. બાપ થી ઠગી કરી કોઈ પૈસા લેવાનાં છે શું! શિવબાબા ની શ્રીમત પર કાયદેસર નથી ચાલતાં તો શું હાલ થશે. બહુજ સજાઓ ખાવી પડશે, બીજું પછી પદ પણ ભ્રષ્ટ થઈ જશે. કોઈ પણ કાયદા નાં વિરુદ્ધ કામ ન કરવું જોઈએ. બાપ તો સમજાવશે ને - તમારી ચલન ઠીક નથી. બાપ તો કમાણી કરવાનો રસ્તો બતાવે છે પછી કોઈ

કરે ન કરે એમની તકદીર. સજાઓ તો ખાઈને પાછા શાંતિધામ માં જવાનું જ છે, પદ ભ્રષ્ટ થઈ જશે તો કાંઈ પણ મળશે નહીં. આવે તો ખૂબ છે, પરંતુ અહીં બાપ પાસેથી વારસો લેવાની વાત છે. બાળકો કહે છે, બાબા થી તો અમે સ્વર્ગ નું સૂર્યવંશી રાજાઈ પદ મેળવીશું. રાજ્યોગ છે ને! સ્ટુડન્ટ સ્કોલરશિપ પણ લે છે ને! પાસ થવા વાળા ને સ્કોલરશિપ મળે છે ને. આ માળા એમની બનેલી છે - જેમણે સ્કોલરશિપ લીધી છે. જેટલાં-જેટલાં જેવી રીતે પાસ થશે, એવી સ્કોલરશિપ મળશે, વૃદ્ધિ થતાં-થતાં હજારો બની જાય છે. રાજાઈ પદ છે સ્કોલરશિપ. જે સારી રીતે ભણતર ભણે છે, તે ગુપ્ત ન રહી શકે. બહુજ નવાં-નવાં જૂના થી આગળ નીકળી પડશે. હીરા જેવું જીવન બનાવશે. પોતાની સાચ્ચી કમાણી કરી ૨૧ જન્મોનાં માટે વારસો મેળવશે, કેટલી ખુશી થાય છે. જાણે છે આ વારસો હમણાં નહીં લીધો તો પછી ક્યારેય નહીં લઈ શકશું. ભણવાનો શોખ હોય છે ને! કોઈને તો જરા પણ શોખ નથી સમજાવવાનો. ડ્રામા અનુસાર તકદીર માં નથી તો ભગવાન પણ શું કરે? અચ્છા!

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રત્યે માત-પિતા, બાપદાદા નાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપ નાં રુહાની બાળકોને નમસ્તે.

ધારણા માટે મુખ્ય સાર :-

1. કોઈ પણ કાર્ય શ્રીમત નાં વિરુદ્ધ નથી કરવાનું. ભણતર સારી રીતે ભણીને ઊંચી તકદીર બનાવવાની છે. કોઈને પણ દુઃખ નથી આપવાનું.
2. આ જૂની દુનિયાથી મમત્વ મિટાવી દેવાનું છે. બુદ્ધિયોગ નવી દુનિયાથી લગાવવાનો છે. ખુશીમાં રહેવા માટે જ્ઞાન ને ધારણ કરી બીજાને ધારણ કરાવવાનું છે.

વરદાન :- વિચારવું , બોલવું અને કરવું ત્રણેય ને સમાન બનાવવા વાળા સર્વોત્તમ પુરુષાર્થી ભવ

બધી શિક્ષાઓનો સાર છે કે કોઈ પણ કર્મ થી જોવા, ઉઠવાં, બેસવાં-ચાલવાં, સુવા થી ફરિશ્તાપણું દેખાઈ આવે, દરેક કર્મ માં અલૌકિકતા હોય. કોઈ પણ લૌકિકતા કર્મ કે સંસ્કારો માં ન હોય. વિચારવું, કરવું, બોલવું બધું સમાન હોય. એવું નહીં કે વિચારતા તો હતાં કે આ ન કરીએ પરંતુ કરી લીધું. જ્યારે ત્રણેય જ એક સમાન અને બાપ સમાન હોય ત્યારે કહેવાશે શ્રેષ્ઠ કે સર્વોત્તમ પુરુષાર્થી.

સ્લોગન :- જવાબદારી ઉઠાવવી અર્થાત્ એક્સ્ટ્રા દુવાઓનાં અધિકારી બનવું.

આ અવ્યક્ત ઇશારા - હવે પોતાનાં દાતા સ્વરુપ ને પ્રત્યક્ષ કરો

વર્તમાન સમયે બધા આત્માઓને શાંતિ અને શક્તિ ની આવશ્યકતા છે. પોતાની શક્તિશાળી શાંત મન્સા દ્વારા આત્માઓને મન ની શાંતિ નો અનુભવ કરાવો. વાણી અને મન્સા બંને સેવાઓ સાથે-સાથે કરો. વિશ્વ મહારાજ ને વિશ્વ નાં દાતા કહે છે. તો જ્યારે તમે હમણાં બધાને સુખ-શાંતિ અને શક્તિ નું દાન આપશો ત્યારે તો બધા સુખદાતા માનશે.